# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2026-27/82 Dt. 25/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ટેક્સ્ટાઈલ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ સાથે ચેમ્બરની મહત્ત્વપૂર્ણ ઓનલાઇન બેઠક યોજાઈ

### કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહને પત્ર પાઠવ્યા બાદ ટેક્સ્ટાઈલ જોઈન્ટ સેક્રેટરી સહિતના વરિષ્ઠ અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ મીટિંગ યોજાઈ

### ક્રૂડના ભાવ $95 પહોંચતાં પોલિએસ્ટર યાર્નમાં ભાવવધારાથી સુરતના વીવિંગ ઉદ્યોગ પર સંકટ: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### સ્થાનિક ઉદ્યોગકારોને વાજબી ભાવે કાચો માલ મળે તે માટે PTA, MEG ઉપરાંત DTY, POY અને FDY પર કસ્ટમ્સ ડ્યુટીમાંથી રાહત આપવા માગ

### ચેમ્બરની રજૂઆત બાદ યોગ્ય પગલાં ભરવા અને યાર્નના ભાવોનું સતત મોનિટરિંગ કરવાની મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓની ખાતરી

સુરત, 26 ઓગસ્ટ 2026: આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ $95 પ્રતિ બેરલે પહોંચતાં પોલિએસ્ટર યાર્નના ભાવોમાં ભડકો થયો છે. સ્થાનિક બજારમાં કાચા માલની અછત વચ્ચે યાર્નમાં ઊભી કરાયેલી કૃત્રિમ તેજી અટકાવવા અને ટેક્સ્ટાઈલ ઉદ્યોગને બચાવવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા કેન્દ્રીય ટેક્સ્ટાઈલ મંત્રી શ્રી ગિરિરાજ સિંહને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. આ પત્રના અનુસંધાને ટેક્સ્ટાઈલ મંત્રાલય દ્વારા તાત્કાલિક સંજ્ઞાન લઈ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે ચેમ્બરના પદાધિકારીઓ તેમજ વિવિધ એસોસિયેશનોના હોદ્દેદારોની એક વિશેષ ઓનલાઇન મીટિંગ યોજવામાં આવી હતી.

આ ઓનલાઇન બેઠકમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ સુરત અને દેશભરના એમએમએફ (MMF) ટેક્સટાઇલ ઉદ્યોગની વાસ્તવિક સ્થિતિ વર્ણવી હતી. તેમણે જણાવ્યું હતું કે, "આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ઊંચા ભાવોના કારણે સ્થાનિક સ્તરે કાચા માલના ભાવમાં મોટો વધારો થયો છે, જેના પરિણામે વિવિંગ, પ્રોસેસિંગ અને ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગોને મોંઘા ભાવે માલ ખરીદવો પડી રહ્યો છે. જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ ઘટીને $65 પ્રતિ બેરલની આસપાસ સ્થિર ન થાય, ત્યાં સુધી સ્થાનિક ઉદ્યોગકારોને વાજબી ભાવે યાર્ન મળી રહે તે હેતુથી સરકારે એક વર્ષ સુધી કાચા માલ પરની કસ્ટમ્સ ડ્યુટી (BCD)માંથી મુક્તિ આપવી જોઈએ."

શ્રી જીરાવાલાએ ભારપૂર્વક રજૂઆત કરી હતી કે માત્ર PTA અને MEG જ નહીં, પરંતુ DTY, POY અને FDY જેવા પોલિએસ્ટર યાર્ન પર પણ કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ આપવી જરૂરી છે.

**ટેક્સ્ટાઈલ મંત્રાલયના અધિકારીઓએ આપી ખાતરી:**

ચેમ્બરની દલીલો અને આંકડાકીય રજૂઆતને ટેક્સ્ટાઈલ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ અત્યંત ગંભીરતાથી સાંભળી હતી. અધિકારીઓએ આશ્વાસન આપ્યું હતું કે સ્થાનિક માર્કેટમાં યાર્નની ઉપલબ્ધતા અને તેના દૈનિક ભાવો પર મંત્રાલય દ્વારા સતત મોનિટરિંગ (નજર) રાખવામાં આવશે. આ ઉપરાંત યાર્નની કૃત્રિમ અછત કે ગેરવાજબી નફાખોરી અટકાવવા અને ઉદ્યોગકારોના હિતમાં કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ અંગે સંબંધિત મંત્રાલય સાથે સંકલન સાધીને તાત્કાલિક યોગ્ય અને હકારાત્મક પગલાં ભરવામાં આવશે.